# સત્સંગ સમાચાર

### સંતભગવંત સાહેબજી પ્રાગટ્યપર્વે જપયજ્ઞ દ્વારા અનુપમ ભક્તિ

સંતભગવંત સાહેબજીના ૮૦મા પ્રાગટ્યપર્વના અનુસંધાને સદ્‌ગુરુ સંતોનાં માર્ગદર્શને અનુપમ મિશનના ભારત સ્થિત પ્રત્યેક પ્રદેશના પ્રત્યેક કેન્દ્રમાં ૮૦ કલાકના સામૂહિક જપયજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું. જે-તે પ્રદેશના સંયોજક, મંડળસંચાલક અને સક્રિય કાર્યકર્તાઓએ મળીને આ ભક્તિપૂર્ણ આયોજન પોતાના મંડળ અને પ્રદેશમાં પાર પાડ્યું. સાહેબજીના પ્રાગટ્યપર્વના એક માસ અગાઉથી - ફેબ્રુઆરી માસથી જ આ ભક્તિયજ્ઞનો આરંભ થઈ ગયો. નૂતન મંદિર નિર્માણકાર્ય નિર્વિઘ્ને પાર પડે અને સંતભગવંત સાહેબજીનું સ્વાસ્થ્ય નિરામય રહે તે માટે ભક્તોએ શ્રી સ્વામિનારાયણ મહામંત્રના જપનો ઉપાય લીધો. આ ભક્તિયજ્ઞમાં આબાલ-વૃદ્ધ, બાઈ-ભાઈ સૌની ઉમળકાભરી, માહાત્મ્ય નીતરતી ભક્તિ વહી. વહેલી સવારથી મોડી રાત સુધી સૌએ મહામંત્રરટણ ગુંજતું રાખ્યું. ગામડાંમાં કે શહેરમાં જ્યારે પણ સમય મળે ત્યારે સમૂહ ધૂન કરવા પહોંચી જ જવું છે તેવો સૌ ભક્તોએ આલોચ રાખ્યો. વિદ્યાર્થીઓએ અભ્યાસના સમયપત્રક સાથે ધૂનનું સમયપત્રક પણ બનાવ્યું. ઉચ્ચ સ્વરે પ્રભુનામરટણમાં તાળીઓના નાદ, માળાના મણકાનો સાથ કે પછી મંત્રલેખનના સહારે સૌએ અપ્રતિમ ભક્તિ અદા કરી. અનુપમ મિશનનાં મુખ્ય મંદિરોમાં તો સૌએ દૂર-દૂરથી પધારી, ભેગાં મળી જપયજ્ઞ કર્યો તેમજ અન્ય સ્થાનોએ હરિમંદિર, ઘરમંદિરે મંત્રજાપ કરી ભક્તિ અદા કરી. પ્રાદેશિક સંતોએ પણ પ્રદેશમાં પધારીને ભક્તો સાથે ધૂન કરી સૌને બળ પૂરું પાડ્યું. સદ્‌ગુરુ સંતો અને સ્વયં સંતભગવંત સાહેબજીએ સૌ પર ખૂબ રાજીપો વરસાવ્યો. ભેગાં મળીને આવી અનુપમ ભક્તિ અદા કરવા બદલ સૌને શુભેચ્છાઓ પાઠવી. ◆

### શ્રી સ્વામિનારાયણ મંદિર, સાઠંબાનો ૧૨મો પાટોત્સવ

સાઠંબા મંડળના વસંતભાઈએ પોતાના ઘરમાં અલાયદો હૉલ બનાવી તેમાં મંદિર સર્જી સંતભગવંત સાહેબજી પાસે મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરાવી ઉત્તર ગુજરાત પ્રદેશના ભક્તોને સુંદર ભેટ આપી, ભક્તિ અદા કરી. એ હરિમંદિરનો ૧૨મો પાટોત્સવ ૧૧ માર્ચના રોજ સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા, પૂ. ગોવિંદભાઈ, પૂ. ગિરીશભાઈ, પૂ. અશોકભાઈ, પૂ. નિખિલભાઈ આદિ સંતોની સંનિધિમાં યોજાયો. વડીલ ભક્તોનાં માર્ગદર્શને સઘળી વ્યવસ્થાઓ સાકાર થઈ. પાટોત્સવ મહાપૂજામાં ભક્તો યજમાન સ્વરૂપે બિરાજ્યા અને પૂજન-ભક્તિ અદા કર્યાં. પૂ. શાંતિદાદાએ પાટોત્સવ આરતી અર્પણ કરી, ભક્તો પર આશીર્વાદ રૂપી પુષ્પવર્ષા કરી સૌને કૃતાર્થ કર્યાં. પાટોત્સવ સંકલ્પ ઝીલાવી સૌને ભક્તિમય માર્ગદર્શન આપ્યાં. પાટોત્સવ સભામાં ચૂનીભાઈ, ધીરુભાઈ, વસંતભાઈએ માહાત્મ્યગાન દ્વારા ભક્તિ અદા કરી. પૂ. ગોવિંદભાઈ અને સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ આશીર્વાદ વરસાવી સૌને ધન્ય કર્યાં. ◆

### અ.નિ. સદ્‌ગુરુ સંત પૂ. વિઠ્ઠલભાઈ પ્રાગટ્યપર્વ

અનુપમ મિશનના અ.નિ. સદ્‌ગુરુ સંત પૂ. વિઠ્ઠલભાઈ (વી.એસ.)ના ૧ એપ્રિલના રોજ ૮૨મા પ્રાગટ્યપર્વે સંતભગવંત સાહેબજીની પુનિત ઉપસ્થિતિમાં પારમિતા મંદિરે યોજિત સભામાં તેઓને વંદનાઓ અર્પણ કરાઈ. શૂરવીર અને અપ્રતિમ નિષ્ઠાના ધારક પૂ. વિઠ્ઠલભાઈનાં જીવન માહાત્મ્યની વાતો તેઓએ પીએચ. ડી. કરાવ્યું તેવા વિદ્યાર્થી ડૉ. ધીરુભાઈ, તેઓનાં પુત્રવધૂ અમીબહેન અને પૂર્વાબહેન, સંતો પૂ. પંકજભાઈ અને પૂ. પીટરભાઈએ કરી ભક્તિ અદા કરી. તેઓની સાધુતાના અનુપમ અનુભવ સૌએ વહેંચ્યા. પૂ. વિઠ્ઠલભાઈના સ્વામી-સેવકભાવને સૌ કોઈ વંદી રહ્યાં. પૂ. શાંતિદાદા અને પૂ. અશ્વિનદાદાએ પણ પ્રાસંગિક માહાત્મ્યગાન કરી આશીર્વાદ અર્પણ કર્યા. સંતભગવંત સાહેબજીએ અનેક પ્રસંગો વર્ણવી પૂ. વિઠ્ઠલભાઈનાં આત્મસમર્પણ અને ગુરુ પ્રતિના અકલ્પનીય પ્રેમ અને બંધુત્વની ભાવનાને, સત્સંગીના પક્ષે રહી સદાય મદદરૂપ થવાની ભાવનાને છતી કરી. ◆

### વેમારમાં 'વ્યસન મુક્ત અને માનસિક તણાવ રહિતનું જીવન' વિષય પર માર્ગદર્શન શિબિર

આજકાલ દરેકના જીવનમાં અનેક પ્રકારે ઊભા થતા સ્ટ્રેસ એટલે કે ચિંતાની તકલીફોનો સામનો કરવો એ અત્યંત દુ:ખદાયી છે અને તેના કારણે માણસ વ્યસન તરફ વળે છે અને છેવટે કંટાળીને જીવન ટુંકાવવાના પ્રયાસો પણ કરે છે. આ સંદર્ભે ચિંતા વ્યક્ત કરતા કરુણામૂર્તિ સંતભગવંત સાહેબજીએ વેમાર મુકામે ઉપાસના ધામ મંદિરે સ્થાનિક મુક્તો માટે ૩૧ માર્ચના રોજ અનુપમ મિશન દ્વારા 'વ્યસન મુક્ત અને માનસિક તણાવ રહિતનું જીવન' વિષય પર સુંદર માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું.

સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા, સંતો-ભક્તોના સાંનિધ્યે બ્રહ્માકુમારી સંસ્થાથી પધારેલ બ્રહ્મકુમાર મનોજકુમાર અને તેમની ટીમે ખૂબ જ સુંદર સ્લાઈડ શૉ દ્વારા તણાવના સમયે તેનું મૅનેજમૅન્ટ કેવું કરી શકાય અને તેને વ્યસન તરફ જતાં કેમ અટકાવી શકાય તેની સુંદર સમજ આધ્યાત્મિકતાનો સહારો લઈ આપી. શિબિરના અંતે દીક્ષિતભાઈ અને સંત પૂ. સતીશભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ આપતાં જણાવ્યું કે, 'એ વાતનો આનંદ છે કે, સંસ્થા કોઈ પણ હોય પણ મુદ્દો એક જ છે કે, આત્માની પરમાત્મા પ્રતિની યાત્રા ! સ્વામિનારાયણ સંપ્રદાયનો મૂળભૂત સિદ્ધાંત પંચવર્તમાનનો છે, જે શિબિરમાં યથાયોગ્ય રીતે સમજાવાયું. પ્રભુ સૌને સ્વધર્મ પાળવા બળ અર્પે તે પ્રાર્થના !' બ્રહ્મકુમાર મનોજભાઈએ સમય, શક્તિ, સમજણ અને જ્ઞાનની વિનામૂલ્યે સેવા આપી તે બદલ પૂ. અશ્વિનદાદાએ તેમનો આભાર માન્યો. આહાર-વિહાર અને પંચવર્તમાનની વાત દ્વારા આત્મા અને પરમાત્માની સમજ આપી અને તે જીવનના આચરણમાં આવે તે માટે

પ્રયત્નશીલ રહેવા ટકોર કરી. આ શિબિરમાં સુરત, બારડોલી, અંકલેશ્વર, વડોદરા, કરજણ, સરભાણ, ઈંદોર-પાણેથા, જૂની જીથરડી, અવાખલ, સેગવા, પુનિયાદ અને વેમારના ૧૮૦ જેટલા શિબિરાર્થીઓએ લાભ લીધો. ◆

## શારદા મંદિર, નડીઆદ બાલવાડી વિભાગના વાર્ષિકોત્સવ ઉજવાયો

ઉચ્ચ શિક્ષણ - સંસ્કાર અને શાળાકીય સહઅભ્યાસની પ્રવૃત્તિઓમાં અગ્રેસર એવી અનુપમ મિશન સંલગ્ન, નડીઆદ વિદ્યોત્તેજક મંડળ સંચાલિત શારદા મંદિર : વિમુબહેન દિનકરરાય પંડ્યા પૂર્વ પ્રાથમિક શિક્ષણ સંકુલમાં બાલવાડી વિભાગના વાર્ષિકોત્સવની ઉજવણી સમારંભના મુખ્ય મહેમાન યોગી વિદ્યાપીઠના કુલગુરુ પૂ. રતિકાકાની ઉપસ્થિતિમાં તારીખ ૧૩ માર્ચ ૨૦૧૯, બુધવારના રોજ ધામધૂમથી થઈ.

આ ઉત્સવનો શુભારંભ પૂ. રતિકાકા, સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનભાઈ, પૂ. સુનીલભાઈ, પૂ. સરોજબહેન (આચાર્યા), પૂ. દેવીબહેન (ગુણાતીત જ્યોત), પ્રતિભાબહેન (આચાર્યા-મિત્ર પુનર્વસન કેન્દ્ર) અને શ્રી રાહગીરભાઈ (આચાર્ય-ડે સ્કૂલ) દ્વારા દીપપ્રાગટ્યથી થયો. દીપપ્રાગટ્ય દરમિયાન શાળાના સંગીતવૃંદે વેદના મંત્રોનાં ગાન કર્યાં.

દીપપ્રાગટ્ય બાદ બાળકોએ ગણેશનૃત્ય અને રાજસ્થાની નૃત્યથી સૌનું ધ્યાન આકર્ષિત કર્યું. ઉત્સવમાં આવેલ મહેમાનોનું સ્વાગત શાળાનાં આચાર્યા પૂ. સરોજબહેન દ્વારા થયું. શાળાના મૅનેજિંગ ટ્રસ્ટી પૂ. સુનીલભાઈ પંડ્યાએ સ્વાગત પ્રવચન કરતાં સૌને સ્નેહપૂર્વક આવકાર્યા અને મિત્ર શાળાનાં આચાર્યા પ્રતિભાબહેને બાલવાડીના અભ્યાસક્રમમાં બાળકોના વિવિધ વિકાસની માહિતી આપી.

પૂ. અશ્વિનભાઈએ શારદા મંદિરના સ્થાપક અ.નિ. પૂ. દિનકરરાય પંડ્યાનાં સહધર્મચારિણી અ.નિ. પૂ. વિમુબહેન પંડ્યાની પુણ્યસ્મૃતિદિને સૌને આશીર્વાદ આપ્યા. પૂ. રતિકાકાએ સૌને આશીર્વાદ આપ્યા.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં બાલવાડી વિભાગનાં લગભગ ૩૦૦ જેટલાં બાળકોએ જુદાં જુદાં અભિનય ગીતો અને ઉંદરમામાની વાર્તાનું નાટક અદ્‌ભુત રીતે રજૂ કરી પ્રેક્ષકોને ખૂબ જ પ્રસન્ન કરી દીધાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પણ બાલવાડી વિભાગનાં બાળકોએ જ કર્યું. ◆



શારદા મંદિર, નડીઆદ બાલવાડી વિભાગના વાર્ષિકોત્સવનો દીપપ્રાગટ્યથી પ્રારંભ

## શ્રદ્ધાંજલિ

*** રમાબહેન બ્રહ્મભટ્ટ :** દહેગામ નિવાસી રમાબહેનને અક્ષરમુક્ત વાડીભાઈના જોગથી સત્સંગ થયો. સાહેબજીએ સંતો સાથે તેઓના ઘરે પધરામણી કરી ત્યારથી જ સર્વસ્વનાં સમર્પણ કરવા ભાવ ધર્યો. દેહની તકલીફો હોવા છતાં અઠવાડિક સત્સંગસભા અને સમૈયા-ઉત્સવોમાં અચૂક હાજર રહી સેવાઓ કરતાં. સાહેબદાદાની આજ્ઞાથી રમાબહેન અને ભૂપેન્દ્રભાઈએ પોતાના ઘરે બાળ મંડળ તથા ગૃહસ્થો માટે એકાદશીની સભા શરૂ કરી. દંપતીએ પોતાની દીકરીઓ ફાલ્ગુનીબહેન અને મોનાબહેનને પણ સત્સંગનો એ દિવ્ય ભક્તિવારસો આપી માવતર દીપાવ્યું. છેલ્લાં ત્રણ વર્ષથી બીમાર હોવા છતાં પણ અંતિમ શ્વાસ સુધી રમાબહેને ઘરસભા અને મંત્રલેખન રૂપી ભક્તિ અવિરત ચાલુ રાખી ૧૯ માર્ચના રોજ અક્ષરધામ સિધાવ્યા. તેમની ભક્તિને વંદન ! આવા દિવ્ય આત્માને જન્મોજન્મ સાધુના સંબંધે પ્રભુ સેવામાં રાખે તે પ્રાર્થના ! ◆

*** ચીમનભાઈ :** વલ્લભવિદ્યાનગર નિવાસી અક્ષરમુક્ત ચીમનભાઈ માછી ૯ એપ્રિલના રોજ અક્ષરધામ સિધાવ્યા. વિદ્યાનગરમાં કાર્યરત અઠવાડિક સભાના માધ્યમથી સંતભગવંત સાહેબજીનો યોગ થયો અને સત્સંગના રંગે રંગાયા. સેવકવૃત્તિ અને ભક્તિવંત પ્રકૃતિના ચીમનભાઈએ સાધુ રમેશભાઈ ઝાલાવાડિયા સાથે ખૂબ સેવાઓ કરી ભક્તિ અદા કરતા રહ્યા. મિસ્ત્રીકામ, વેલ્ડિંગકામ, સુશોભનની સેવાઓ અદા કરી સંતોનો રાજીપો પ્રાપ્ત કર્યો. સૌને મદદરૂપ થવાનો તેમનો સહજ સ્વભાવ. પગે તકલીફ હોવા છતાં કદીય કોઈપણ કામમાં આળસ કર્યા વગર ઉત્સાહથી ભક્તિ કર્યા કરવી તે જ ભાવના ! આવી અવિરત સેવા-ભક્તિ અદા કરી તેઓએ જીવતર ધન્ય કર્યું. આવા આત્માઓ પુનર્જન્મે પ્રભુની સેવામાં જોડાય અને જન્મોજન્મ ધન્ય બનાવે છે, તેઓને વંદન છે ! ◆

॥ સ્વામિશ્રીજી ॥

**પ્રતિભાસંપન્ન ઊછરતી યુવાપેઢીમાં સત્સંગ, સંસ્કાર અને ભક્તિનાં સિંચન તેમજ જતન કરવા સંતભગવંત સાહેબજીની કૃપાશિષ અને આજ્ઞાથી યોજિત**

### શ્રી યોગી યુવા ગ્રીષ્મ શિબિર-૨૦૧૯

**શિબિર તારીખ : ૨૦ થી ૨૬ મે, ૨૦૧૯**

**સ્થળ : તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, અનુપમ મિશન, મોગરી.**

નોંધ: * શિબિરમાં ભાગ લેવા માટેનાં અરજીપત્રક મેળવવા આપના પ્રદેશના સંયોજકશ્રી અથવા મંડળ સંચાલકશ્રીનો સંપર્ક કરવો.

* શિબિરાર્થીએ ૧૯ મે, ૨૦૧૯ના રોજ સાંજે ૬:૦૦ વાગ્યા સુધીમાં શિબિરસ્થળે પહોંચી જવું.